Issued in Sandesh Newspaper Ahmedabad Edition on 12/02/2021 (Page No. 5)

## ગિફ્ટ પાવર કંપની લિમિટેડ

### જાહેર નોટિસ

### ધી ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ

બાબત :

ગિફ્ટ પાવર કંપની લિમિટેડ (ગિફ્ટ પીસીએલ), ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ દ્વારા પિટિશન નં. ૧૯૪૨/૨૦૨૧ કે જે નામદાર ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ 'ટ્રુ-અપ ફોર એફ.વાય. ૨૦૧૯-૨૦ એન્ડ ડીટર્મીનેશન ઓફ એઆરઆર એન્ડ ટેરીફ ફોર એફ.વાય. ૨૦૨૧-૨૨' કે જે જીઈઆરસીના (મલ્ટી યર ટેરીફ), રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અને સેક્શન ૬૧ થી ૬૪, ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ હેઠળ દાખલ કરવામાં આવેલ છે.

અરજદાર

૧. જીઈઆરસીના (મલ્ટી યર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અને તા. ૨૨/૧૨/૨૦૨૦ના સુઓમોટો ઓર્ડર પ્રમાણે આથી નિર્દિષ્ટ કરવામાં આવે છે કે, જો કોઈ વ્યક્તિઓને કે જે ઉપરોક્ત પિટિશન બાબતે વાંધા ઉઠાવવા/કોઈ સૂચનો આપવા માંગતા હોઈ તો તે સેક્રેટરી, ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન સમક્ષ (જીઈઆરસી) ૬ઠ્ઠો માળ, ગિફ્ટ વન, રોડ પાંચ-સી, ઝોન ૫, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ સમક્ષ તા. ૧૩/૦૩/૨૦૨૧ સુધીમાં કરી શકે છે અને જે ડોક્યુમેન્ટનો તેઓ આધાર લેવા માંગતા હોઈ તે પાંચ સેટ્સમાં તથા સોગંદનામા સાથે રજૂ કરવા અને તેઓને શા માટે પ્રત્યક્ષ સાંભળવામાં આવે તે દર્શાવવું. આ ડોક્યુમેન્ટસની એક નકલ ગિફ્ટ પાવર કંપની લિમિટેડના નીચે જણાવેલ રજિસ્ટર્ડ એડ્રેસ પર આ નોટિફિકેશનની તારીખથી ૩૦ દિવસમાં મોકલવાની રહેશે.

૨. રસ ધરાવતા લોકોના સંદર્ભ માટે ઉપરોક્ત પિટિશનની નકલ ગિફ્ટ પાવર કંપની લિમિટેડની ઓફિસ, ઈપીએસ બિલ્ડીંગ નં. ૪૯એ, બ્લોક નં. ૪૯, ઝોન-૦૪, જ્ઞાન માર્ગ, ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ ખાતે ઉપલબ્ધ છે.

૩. વધારામાં, ઉપરોક્ત પિટિશનની નકલ રૂા. ૧૫૦/- (રૂપિયા એકસો પચાસ)થી ઉપરોક્ત એડ્રેસથી વેચાણે લઈ શકાશે. પોસ્ટ દ્વારા ઉપરોક્ત પિટિશનની નકલ મેળવવા રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધારે ચુકવવાથી મેળવી શકાશે. કુલ રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ ગિફ્ટ પાવર કંપની લિમિટેડની ફેવરમાં ઉપરોક્ત એડ્રેસ પર મોકલવો.

૪. ઉપરોક્ત પિટિશનની ઈલેક્ટ્રોનિક કોપી વેબસાઈટ www.giftgujarat.in પર 'અધર' હેડીંગ હેઠળ 'ડાઉનલોડ' સેક્શનમાં ઉપલબ્ધ છે.

ગિફ્ટ પાવર કંપની વતી,
સહી/-
ડાયરેક્ટર

રજિસ્ટર્ડ ઓફિસ : ગિફ્ટ પાવર કંપની લિમિટેડ, ઈપીએસ બિલ્ડીંગ નં. ૪૯એ, બ્લોક નં. ૪૯, ઝોન-૦૪, જ્ઞાન માર્ગ, ગિફ્ટ સિટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ (ગુજરાત) ભારત. ફોન નં. +૯૧-૭૯-૩૦૦૧૮૩૪૨, ફેક્સ નં.: +૯૧-૭૯-૩૦૦૧૮૩૨૧.

માહિતી/૧૯૨૬/૨૦-૨૧